કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૯૫ • એપ્રિલ-૨૦૨૧




શ્રી નરનારાયણ ભગવાનના
૧૯૯માં પાટોત્સવે
૨૦૦માં પાટોત્સવ
"પર્વ"ની ઘોષણા

પ્રકાશક:-
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





શ્રીનરનારાયણદેવના ૧૯૯માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો





શ્રીનરનારાયણદેવના ૧૯૯માં પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા યજમાન પરિવાર સાથે "પર્વ"ના સાહિત્યનું વિમોચન





માસ્ક અને સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરી ચોકમાં મોટા સ્ક્રીન પર દર્શન કરતી શિસ્ત બધ્ધ જનમેદની.

# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



વર્ષ - ૧૪ (મૂળ વર્ષ ૫૪) ● અંક : ૧૬૫ ● એપ્રિલ-૨૦૨૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ''પર્વ'' | ૦૬ |
| ૦૪. | પ્રસાદીનું ગામ પેથાપુર | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૭. | ભક્તિસુધા | ૧૬ |
| ૦૮. | સત્સંગ સમાચાર | ૧૮ |





સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે કે જો ચાર પ્રકારના પ્રલયને સારી રીતે સમજે તો સંસારમાં બનતી અનેક પ્રકારની સાંપ્રત સમયની ઘટનાઓને જોઈ સાંભળીને પોતાના હૃદયમાં કોઈ આશ્ચર્ય કે ભયના અનુભવનો અનુભવ થતો નથી. પરંતુ પરમેશ્વરની અલૌકિક લીલાનો આનંદાનુભવ થાય છે. જેમ કે કોરોના મહામારીને જોઈને દુઃખી થવાને બદલે તેમાંથી પણ આનંદ પ્રાપ્ત કરવાની યુક્તિ શોધીને નિર્ભય રહી શકાય છે. જેમ કે બે હાથની દૂરી અને માસ્કમાંથી શું ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ, કોઈની પાસે પણ વધારે પડતા નિકટ જવાનું જોખમ રૂપ છે. તેમજ મુખમાં જે તે મળે તે બધું હોમવાનું અતિ જોખમ રૂપ છે. જો આટલું સમજી વિચારીને જ મુખ દ્વારા ઉદરમાં પધરાવવું જેથી કોઈ પણ જાતની રોગની પીડા સહન કરવાનો વારો જ ન આવે. તેમાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી શિક્ષાપત્રીમાં કહેલો સદાચાર રૂપી સ્વધર્મ આવી જાય અને જે વ્યક્તિ પોતાના ધર્મનું પાલન કરે તેને ક્યારેય કોઈ પણ જાતનું જીવનમાં વિઘ્ન આવતું નથી અને તેના સર્વ કાર્યો સરળતાથી પાર પડી જાય છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી ના કાર્યક્રમની તવારીખ

માર્ચ-૨૦૨૧

૧૬ અમદાવાદ મંદિરમાં બિરાજીત શ્રી નરનારાયણ ભગવાનના ૧૯૯માં પાટોત્સવ પ્રસંગે શ્રી નરનારાયણ ભગવાનને અભિષેક તથા પ્રાસંગિક સભામાં આવતા વર્ષે આવનાર ૨૦૦ વર્ષના પાટોત્સવ ''પર્વ''ની રૂપરેખા થી સૌ સંતો-હરિભક્તોને વાકેફ કર્યા.



## પ.પૂ.લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

માર્ચ-૨૦૨૧

૧૬ અમદાવાદ મંદિરમાં બિરાજીત શ્રી નરનારાયણ ભગવાનના ૧૯૯માં પાટોત્સવ પ્રસંગે શ્રી નરનારાયણ ભગવાનને અભિષેક તથા પ્રાસંગિક સભામાં હાજરી.

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદમાં
બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ

# પર્વ

૨૭ ફેબ્રુઆરી થી
૫ માર્ચ ૨૦૨૨

अवतीर्य निजाक्षरात्परादिह मूर्त्या बदरीवने स्थितः ।
भुविभारतजीवशर्मणे नरनारायणदेव पाहिमाम् ॥

શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વજીવહિતાવહઃ ને અર્થે મંદિરો, શાસ્ત્રો, ધર્મકુળમાં આચાર્યપદ આવા ત્રણ ગૂઢ સંકલ્પ કર્યા.

તત્કાલીન ઈસ્ટ ઈન્ડિયા કું.ના પદાધિકારીઓએ બ્રિટિશ મહારાણીના હુકમથી યાવત સૂર્ય-ચંદ્ર અવધિનો અમદાવાદ શહેરમાં વિશાળ ભૂમિનો તામ્રલેખ કરી સંપ્રદાયનું મુખ્ય મથક બનાવવા વિનંતી કરી.

સાબરગંગા ધર્મારણ્ય આદિ સત્તયુગમાં ભગવાન શ્રી નરનારાયણની પાદુર્ભાવ ભૂમિ હોવાથી શ્રીજી મહારાજે બ્રિટિશરોની વિનંતી સ્વીકારીને સંપ્રદાયની આધારશીલા મંદિરના સ્વરૂપે સ્વહસ્તે મૂકી. વ્યવહારકુશળ સદ્‌ગુરુ શ્રી આનંદાનંદ સ્વામીએ શ્રીજી મહારાજના વચનના અનુસારે સંતો-હરિભક્તોના સેવા-શ્રમ યજ્ઞથી બે વર્ષમાં નિર્માણ કાર્ય પૂર્ણ કર્યું.

ધર્મપિતા, ભક્તિમાતાની તપસ્થલી અને શ્રીનરનારાયણ ભગવાનની જન્મસ્થલી તેમાં શ્રી હરિએ સંવત ૧૮૭૮ ફાગણ સુદ ત્રીજના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર, અમદાવાદને વિષે સંપ્રદાયમાં વિશ્વનાં સર્વ પ્રથમ મંદિરમાં બાથમાં લઈ શ્રીનરનારાયણના યુગલ સ્વરુપની સ્થાપના કરી ભવ્ય સમૈયો કર્યો. આ બન્ને સ્વરુપો આજે પણ યથા સ્થાને બિરાજમાન છે.

બસો વર્ષના ઈતિહાસમાં આચાર્ય પરંપરાના નેતૃત્વમાં કોટી કોટી સંતો-સત્સંગીઓએ મંદિરની તન-મન-ધન, સમય-શક્તિથી રક્ષણ અને સેવાઓ કરી એવા પ્રાતઃ સ્મરણીય સમય સમયના સાક્ષી એવા મંદિરનો સૌની કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો ''પર્વ''

આવો આપણે સૌ સાથે મળીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા આશીર્વાદથી ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનાં નેતૃત્વમાં ૨૦૦ વર્ષનો ''પર્વ'' ઉજવીએ. અને તેમાં સેવાઓ કરીને જિંદગીનું યાદગાર સંભારણું લખીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે કહેલા ૨૭૩ વચનામૃતમાં શ્રી નરનારાયણ ભગવાનને કુલ ૮૮ (અઠ્યાસી) વખત યાદ કરીને સ્વરુપ નિષ્ઠાની દ્રઢતાનું રહસ્ય સમજાવ્યુ છે.

## ''પર્વ''ના ઉપલક્ષમાં આયોજનો
## ૧૬ માર્ચ ૨૦૨૧ થી ૫ માર્ચ ૨૦૨૨

૧. ગામડે ગામડે મંદિરોમાં ૨૦૦ કલાકની ધૂન
૨. ગામડે ગામડે સત્સંગ સભાઓ
૩. પદયાત્રા વડે અમદાવાદ કાલુપુર શ્રી નરનારાયણ ભગવાનના દર્શન
૪. નિત્ય નરનારાયણાષ્ટક ગાન
૫. મહામંત્ર લેખન
૬. જરૂરિયાત મંદ લોકોને સહાયતા
૭. શાસ્ત્રો-સ્તોત્ર-મંત્રના પાઠ પુરશ્ચરણ
૮. કાલુપુર મંદિર ચેનલમાં નિત્ય કથા
૯. સાપ્તાહિક પ્રભાતફેરી
૧૦. બે લાખ વૃક્ષોનું વાવેતર
૧૧. ગામડે ગામડે સ્વચ્છતા અભિયાન
૧૨. ઘરે ઘરે સ્વચ્છતા પવિત્રતા અભિયાન
૧૩. ગૃહ ઉદ્યોગને પ્રોત્સાહન
૧૪. રમત-ગમત સ્પર્ધા અને સહયોગ
૧૫ ઓર્ગેનિક કૃષિ ઉત્પાદન વેચાણ અંતર્ગત ખેડૂત પ્રોત્સાહન

**તથા અન્ય સેવા - સહાયતા કાર્યક્રમો**

## ''પર્વ''માં સેવા યજમાન મહાવિષ્ણુ યાગના પાટલા

૨,૫૧,૦૦૦ /- (ઋગ્વેદ વિભાગ)
૧,૫૧,૦૦૦ /- (સામવેદ વિભાગ)
૧,૦૦,૦૦૦ /- (યજુરવેદ વિભાગ)
૫૧,૦૦૦ /- (અથર્વવેદ વિભાગ)

## સમૂહ મહાપૂજા

૨૫,૦૦૦ /- (પ્રથમ આવરણ)
૧૧,૦૦૦ /- (દ્વિતીય આવરણ)

## સંહિતાપાઠ

૧,૨૫,૦૦૦ /-

## નોંધઃ-

- વિવિધ સેવાઓમાં યજમાન બનવા કાલુપુર મંદિરના કોઠારમાં નામ નોંધાવવા
- ગામડામાં સભા સમયે માસ્ક અવશ્ય પહેરવું, સોશીયલ ડિસ્ટન્ટ જાળવવું તથા ફૂલહાર - સન્માન રાખવું નહિં.

શ્રી નરનારાયણ ભગવાનની ધજામાં સાક્ષાત્ શ્રી હનુમાનજી વિરાજમાન છે. તેથી શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે જે કોઈ વ્યક્તિને ભગવાનના દર્શન કરવાનો અવસર ન મળ્યો હોય તે જો ધજાના દર્શન કરે તો પણ તેને ભગવાનના દર્શનની સમાન શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ થાય છે. તેથી જેમ મહામંદિરોમાં ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠાનું મહાત્મ્ય છે તેવું મંદિર ઉપર ધજા ચડાવવાનું મહત્વ છે. તેનો દિવ્ય લાભ આ વર્ષે નીચેના હરિભક્તોએ પોતાના મનોરથ પૂર્ણ થવાથી લીધો હતો.

**ધજા ચડાવનારા ભક્તોની યાદી**

(૧) પ.ભ. ઘનશ્યામભાઈ બબાભાઈ નાથાભાઈ પટેલ - ઉનાવા
(૨) શ્રીમતી હેતલબેન રોહિતભાઈ મુખી પરિવાર - મોટેરા
(૩) પ.ભ. ભાણાભાઈ હરજીભાઈ હીરાણી - કચ્છ-ભુજ

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

અમદાવાદ શહેર નજીક
શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# પેથાપુર

- સંકલન : પ્રફુલ ખરસાણી







પેથાપુર જવા માટે
રેલ્વેમાં અમદાવાદથી
કલોલ થઈ રાંધેજા થઈ જવાય

મોટરકાર મારફત
કાલુપુર મંદિરથી ૩૧.૭ કિ.મી.
એરપોર્ટથી ૨૪ કિ.મી.
રાંધેજાથી ૫ કિ.મી.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા અને મુમુક્ષુઓના કલ્યાણ અર્થે સમગ્ર ગુજરાતમાં વિચરણ કર્યું છે. અમદાવાદ મંદિરમાં પ્રતિષ્ઠા બાદ અમદાવાદની આસપાસના નાનામાં નાના ગામોમાં પણ છેક નીચલા વર્ગના લોકોના ઉદ્ધાર માટે વિચરણ કર્યું હતું તેમાંનું એક ગામ એટલે ગાંધીનગર જિલ્લનું પેથાપુર ગામ. પેથાપુર ગામ સાબરમતી નદીના કિનારા ઉપર ઉંચા ભાગમાં વસેલું છે.અહીંનું મંદિર ત્રણ ઘુમટીઓવાળું અને ઉગમણા બારનું છે. પ્રવેશદ્વાર (દરવાજો) દક્ષિણ તરફ છે.મધ્ય મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ ઘનશ્યામ મહારાજની ત્રણ મૂર્તિઓ પ્રસ્થાપિત કરેલી છે, અને બાજુમાં સુખશય્યા તથા ચિત્રપટની શ્રીહરિની મૂર્તિઓ છે, અહીંનો સભામંડપ સ.ગુ. ભૂમાનંદ સ્વામીએ બંધાવેલો છે, અને પહેલાં આ મંદિર હરિમંદિર તરીકે હતું. સમય જતાં સ.ગુ. સ્વામી અક્ષર જીવન દાસજીએ શિખરબંધ મંદિર કરાવ્યું, ને સંવત ૧૯૭૩ના ફાગણ સુદી ત્રીજના રોજ ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીના હસ્તે દેવોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

અહીં શ્રી હરિ ત્રણ વખત પધારેલા છે. તેના સ્મારક તરીકે ચોકમાં છત્રી છે. અહીંથી પસાર થતી સાબરમતી નદીમાં શ્રીહરિએ સ્નાન કરેલું છે, અને નદીના તટ ઉપર રહેલા સુખડીયા મહાદેવનાં દર્શન કરેલાં છે, તે સ્થાન અને આરો પ્રસાદીનાં છે. અહીં હનુમાનજીની મૂર્તિ પ્રસાદીની છે.

અહીં નદીનાં કોતરાં ઘણાં જ ઉંડા છે. પહેલાં અહીંનું છાપકામ વખણાતું હતું.

## પેથાપુરમાં શ્રી હરિ

ભગવાન શ્રી સ્વામિનારાયણે પેથાપુરમાં પધારી અધર્મનો નાશ કરી અને પેથાપુરી નગરીને સ્વચરણ કમળો વડે પાવન કરેલ છે. સાથે સાથે પોતાના આશ્રિત એવા ભક્તોના મનોરથ પણ પૂર્ણ કરી દરેકને પોતાના ધામ પરાયણ કર્યા છે. શ્રીહરિના આશ્રિત એવા પેથાપુરના ભક્તજનોના નામનું વર્ણન સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ''ભક્તચિંતામણી'' ગ્રંથના પ્રકરણ ૧૧૯માં નીચે પ્રમાણે કરેલ છે.

ક્ષત્રિ ભક્ત રાસોજી વખતો, ભજવા હરિ કર્યો દઢમતો ॥૧૫॥
હરિજન ગુલાલ સોનાર, દ્વિજ દોલિ રાઇ ભાવસાર ॥
એહ આદિ ભક્ત બીજા કઇ, ભજે પ્રભુ પેથાપુર રાઇ ॥૧૬॥

ઉપરોક્ત હરિભક્તોએ શ્રીહરિની ખૂબ ખૂબ સેવા કરી અનહદ લાભ પ્રાપ્ત કર્યો હતો અને સદાને માટે શ્રીહરિની ભક્તિમાં સર્વે ભક્તજને તત્પર તૈયાર રહેતા અને નિષ્કામ ભાવથી ભક્તિ કરતા હતા.

કોઇ એક સમયને વિષે પેથાપુરના જેઠાભાઇ વ્યાસ તીર્થ કરવા ચાલ્યા અને અમદાવાદ આવ્યા. અમદાવાદમાં રામનવમીનો સામૈયો કરી વડોદરા, સુરત, ભરૂચ અને ખંભાત થઈ વડતાલ આવ્યા.

મંદિરમાં ઠાકોરજીનાં તથા સંતોના દર્શન કર્યા અને તીર્થ યાત્રા કરવા પોતે નીકળ્યા છે તે સર્વે વાત સંતોને કહી. ત્યારે સંતોએ કહ્યું કે ઉનાળામાં કોગળીયાનો ઉપદ્રવ ખૂબ જ છે માટે તમો ઘેર પાછા જાઓ. પણ પોતાને પંચતીર્થ કરવાનો સંકલ્પ હતો તેથી મનમાં ઉદાસ થઈને સૂઇ ગયા. તે સમયે શ્રીજી મહારાજે તેમને દર્શન આપીને કહ્યું કે અમે એક સ્વરૂપે સંત સહિત રઘુવીરજી મહારાજ અમદાવાદ જાય છે તે ભેળા જાશું અને બીજા સ્વરૂપે તમારા ભેળા આવીશું માટે સુખેથી પંચતીર્થી કરવા જાઓ એમ શ્રીજી મહારાજે કહ્યું ત્યારે રાજી થઈને સુખેથી પંચતીર્થી નિર્વિઘ્ને પુરી કરી ઘેર પહોંચ્યા. આ પ્રમાણે મહારાજે પોતાના આશ્રિતને નિર્વિઘ્ને યાત્રા કરાવી.

ગામ પેથાપુરના વરસો ખેર શ્રીજી મહારાજના પરમ ભક્ત હતા. અને તેઓએ ઘણો સત્સંગ કર્યો અને અન્યને પણ સત્સંગ કરાવતા. પછી પોતે વૃધ્ધ થયા એટલે તેમની દિકરીએ તેમની સારી રીતે સેવા કરી. તેણે કરીને વરસા ખેરના મનમાં એમ થયું જે અરેરે મારે પુત્ર નહિ એમ ચિંતવન કરીને દેહ પડ્યો તેથી તેઓ તેમની દીકરીને ત્યાં પુત્ર તરીકે જન્મયા. પછી કોઇક દિવસે મહારાજ કોઇક હરિભક્તને દર્શન દઇને એમ બોલ્યા જે વરસા ખેર દીકરીના દીકરા થયા છે તે તેને તેડીને વળતાં તને ધામમાં તેડી જાશું, એ વાત એ હરિભક્તએ સર્વેને કહી સંભળાવી. આ પ્રમાણે ખૂબ ભક્તિ કરવા છતાં વાસનાને કારણે બીજો જન્મ લેવો પડ્યો અને ત્યાર પછી મહારાજે તેમનું કલ્યાણ કર્યું.

આ પ્રમાણે ભગવાન સ્વામિનારાયણ પોતાના સંત પાર્ષદ સહિત પેથાપુરમાં પધારતા અને પોતાના ધામનું અવર્ણનીય સુખ આપતા.

અમદાવાદની આજુબાજુના બીજા ગામો વિષે હવે પછી જણાવીશું. **આપના ગામની વિગત અને ફોટા મોકલશો તો તેનો પણ સમાવેશ કરવામાં આવશે.**







# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો



- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**શ્રી નરનારાયણદેવના ૧૯૯ માં પાટોત્સવ પ્રસંગે (અમદાવાદ મંદિર) તા. ૧૬-૩-૨૦૨૧ :** લાલજી મહારાજશ્રીએ વાત કરી એ મુજબ આપણા બધા ઉત્સવો એકથી એક ચઢિયાતા થાય છે. મારો હેતુ પ્રથમથી જ રહેલો છે કે ગામડા એ મારી જીવનદોરી છે. એમાં તો કોઈ અસહમત નથી. આમાથી દરેક સંતોને લઈને એક એક હરિભક્તના ઘેર હું ગયેલો છું. દરેક ગામડાને ન્યાય મળવો જોઈએ. એ જ ઉત્સવ સમૈયાનો મૂળ હેતુ-કારણ હોઈ શકે. ધનાઢ્ય હરિભક્તો માટે મહારાજે ઉત્સવ સમૈયાનું કહ્યું પરંતુ ગયા વર્ષે મેં સભામાં કહ્યું હતું તે મુજબ ખાસ કરીને આ પર્વમાં બધાએ યોગદાન આપવાનું છે. હરિભક્ત નાનો છે કે મોટો એ હું કે તમે નક્કી નથી કરી શકતા. આપણી બુધ્ધિ બહુ સિમિત છે. કોણ નાનો કે મોટો એ ભગવાન નક્કી કરે છે.

હવે એક વસ્તુ તમને કદાચ ખ્યાલ હોય કે ન હોય આગામી ઉત્સવને શું નામ આપવું તે કંઈ સૂઝતું નહોતું. બહુ મહેનત કરી. પી.પી. સ્વામી (જેતલપુર) તથા મહંત સ્વામી કહેતા કે મહારાજશ્રી કંઈ નક્કી જ નથી કરતા. પરંતુ મારે એવો શબ્દ જોઈતો હતો કે જેમ આ દેવની સમાંતર બીજું કોઈ હોય ન શકે. તેમ તે દેવના ઉત્સવની સમાંતર બીજો કોઈ શબ્દ ન હોય શકે. મગજમાં એક સેકન્ડમાં ફીટ થવું જોઈએ. છેવટે ગાદીવાળાએ નામ આપ્યું. **"પર્વ"** અને એજ ટૂંકું અને સ્પષ્ટ અર્થ સભર નામ આ પત્રિકામાં તમે સૌ કોઈ જોઈ રહ્યા છો. થોડું સોશીયલ ડિસટન્સ રાખજો. બીજું લોક ડાઉન આવી શકે છે. સીરીયસલી કહું છું. આપણે આપણું ધ્યાન નહી રાખીએ તો કોઈ આપણું ધ્યાન રાખી શકશે નહિ આ વાસ્તવિકતા કહું છું.

આ કાગળ (પર્વની પત્રિકા) બેઝીકલી ઓરિજીનલ છે. એ અમારી પાસે છે. મ્યુઝિયમમાં પી.પી. સ્વામી, મહંત સ્વામી વગેરે સંતો તથા હિતેન્દ્રભાઈ આદિક હરિભક્તો દ્વારા મહેનત કરાવીને શ્રીમદ્ ભાગવત, નંદ સંતો દ્વારા હસ્ત લિખિત જુની રામાયણ આદિક ગ્રંથોનું સંશોધન કરાવ્યું પછી મેં હિતેન્દ્રભાઈને કહ્યું કે મારે ધાર્મિક નહી પરંતુ વહીવટનો જો કોઈ જૂનો દસ્તાવેજ હોય તો એવો કાગળ કાઢો. મારે એ જોઈએ છે. ત્યારે મ્યુઝિયમ થયા પછી જે સાચો અસલ દસ્તાવેજ હતો તે આપણને પ્રાપ્ત થયો તેની આ પ્રિન્ટ છે. **પર્વ પત્રિકાની પાછળ જે બેક ગ્રાઉન્ડ છે તેમાં અસલ લખાણ છે જે બહુ ઐતિહાસિક છે અને તે બીજા કોઈની પાસે નથી.**

આપણા જેતલપુર, મૂળી વગેરે બીજા મંદિરોમાં ગંગામા, રામાભાઈ રાજાના ધર્મપત્નિ વગેરે બહેનોનું પણ મોટું યોગદાન રહેલું છે પરંતુ અમદાવાદ મંદિરનો ઈતિહાસ જો રસ હોય તો જો જો. કારણ કે ઈતિહાસમાં મને રસ એટલા માટે છે કે આપણે ગોળો અને ગોફણ નથી ચલાવવું. મંદિર થયું એ પહેલા મહારાજના કાર્યોથી પ્રભાવિત થઈને તત્કાલિન ઈન્ડિયા કાં.ના પદાધિકારીઓ અને બ્રિટિશ ગવર્નમેન્ટના રિપ્રેઝન્ટેટીવ બન્ને ભેગા મળીને મહારાજને મળ્યા અને કહ્યું કે અમદાવાદમાં તમારી પાસે કોઈ જગ્યા છે ? મઠ છે ? સ્થાન છે ? મહારાજને પોતાના આશ્રિતોની ઉપાસના શુધ્ધિ જળવાય રહે એ હેતુથી મંદિરોનો ગૂઢ સંકલ્પ હતો જ. મહારાજનો મૂળ સ્વભાવ તો હાથમાં એક રૂમાલનું પણ વજન લાગે એવો હતો. એ ન્યાયે મંદિર કરીને આસક્તિ થાય, ધંધે વળગીએ એવું આપણને શીખવવા માટે પહેલા તો મંદિરની ના પાડી દીધી. આધારાનંદ સ્વામીના ગ્રંથમાં

વાંચજો. મહારાજ કહે, મંદિરો થયા. હવે વધારે મંદિરો કરવા જ હોય તો મંદિરમાં નરનારાયણદેવ અને શિક્ષાપત્રી પધરાવીને તેનું પૂજન કરવું બીજું કંઈ કરવું નહી. આપણને સોનું અને ચાંદી ગમે છે. મહારાજ કહે, સોનું તો અમને દીઠું ગમતું નથી ! **ભગવાન જેવા છે તેવા આપણે કેમ પચાવી શકતા નથી એ આપણે શીખવાનું છે.**

ઈસ્ટ ઈન્ડિયા કંું. ના અનુદાનથી મહારાજે મંદિરના નિર્માણ માટે વિશાળ જમીનનો સ્વીકાર તો કર્યો પરંતુ તે પદાધિકારીઓની પાસે ૯૯ વર્ષ સુધીની જ જમીન લીઝ ઉપર આપવાની સત્તા હતી. મહારાજ મૂળ તો યુ.પી.નું લોહી હતું. વિચાર કર્યો કે ૯૯ વર્ષ પછી કોઈ બીજી સરકાર આવે અને કહે કે મંદિર પાડી નાખો. અમારે આ જમીનની બીજા કોઈ હેતુ માટે જરૂર છે. તો મંદિર થોડું પડાય ! માટે આપણે ફક્ત ૯૯ વર્ષ સુધી જ ચલાવવું નથી ! જે કાર્ય કરવું હોય તે સંપૂર્ણ અને પાકું કરવું નહી તો કરવું જ નહી ! એ વિચાર કરીને મહારાજે તેઓ સમક્ષ કાયમી દસ્તાવેજની શરત રજૂ કરી. ત્યારે એ કાગળ બ્રિટન ગયો. બ્રિટનની રાણીનો સિક્કો ઈન્વર્ડ થયો. યાવત સૂર્ય-ચન્દ્ર અવધિથી બ્રિટિશ મહારાણીએ મંજૂરી આપી પછી તેનો તામ્રલેખ થયો. આ પ્રસંગનો જે વહીવટી લેટર છે તે એક મહિના પહેલા આપણા હાથમાં આવ્યો. **'પર્વ'** પ્રસંગે આ મોટો સહયોગ ગણાય ! ઉત્સવમાં આ પત્રનું ડિસપ્લે કરીને બધાને દર્શન કરાવવાનું આયોજન છે. **આ એક જ મંદિર એવું છે કે જે મહારાજે પોતે જમીનનો સ્વીકાર કરીને કરાવડાવ્યું છે. કોઈના આગ્રહથી કરાવડાવ્યું નથી.** શીખવાનું એ છે કે ઉપર છલ્લા કામમાં મઝા નથી. કામ કરવું તો પૂરું કરવું, નહીં તો મૂકી દેવું. આ કાગળમાં અંગ્રેજ અધિકારીની સહી છે. Singની મહત્તા છે. Singની ઉપર સીલ (સિક્કો) છે. **આવો ડોક્યુમેન્ટ આજે કોઈની પાસે નથી. જે આપણી પાસે છે. તો શીદને રહીએ કંગાલ ! ૫૬ ની છાતી નાની પડે !** આયોજનની સામાન્ય રૂપરેખાની વાત થઈ ગઈ છે. માટે તૈયારી રાખજો. અમારા છો એટલે અધિકારથી કહીએ છીએ. નાનામાં નાના હરિભક્તને ન્યાય મળવો જોઈએ. એક ઝૂંપડીમાં જતા મને સંકોચ ન થાય. આ મહારાજે આપેલી પરંપરા છે. મહારાજ સગરામ ભક્તને ત્યાં ગયા છે અને રાજાને ત્યાં પણ ગયા છે. સહુ યોગદાન અવશ્ય આપજો. ઉત્સવમાં ખર્ચ કરતા જે બચત થાય છે તેનો ઉપયોગ થતો આવ્યો છે. રજત-સુવર્ણ જયંતી મહોત્સવ સમયે જે બચત થયેલી તેમાંથી છપૈયા મુખ્ય મંદિરનું સંગમરમરના આરસનું સંપૂર્ણ કામ થયેલું. હવે હાલમાં એ જ છપૈયાને ટુરિસ્ટ ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડિયામાં મૂકવામાં આવ્યું છે. મેં નથી મુકાવ્યું. કારણ કે આપણે લાયેબીલીટી જોઈતી નથી. લાયેબીલીટી લઈને એક પથ્થર ફેરવવો હોય તો પણ પૂછવા જવું પડે ! અમને અમારા અધિકારથી સુવિધા આપો અમે ટેક કરીશું, અમારા હરિભક્તો ટેક કરશે. સુવિધા મળવી જોઈએ. હમણા અમે કરશનભાઈને તથા આર્કિટેકને સાથે રાખીને આઠ મહિના મહેનત કરીને સર્વે તથા પ્લાનીંગ કરીને એક માળનું તો ધાબું ભરાઈ પણ ગયું છે. ખબર છે તમને ? કોઈની પાસે રૂપિયા નથી માગ્યા. તમે પેટીમાં અર્પણ કરો છો એજ વાપરીએ છીએ. પરંતુ ઉત્સવ સમૈયાના માધ્યમથી વિશેષ કામો થતા હોય છે એ હેતુથી મહારાજના વચન પ્રમાણે ઉત્સવ સમૈયા પ્રસંગે સામર્થી હોય તો છુપાવવી નહી, અને સામર્થીથી વધારે ન કરવું.

લાલજી મહારાજશ્રીએ કહ્યું કે ઉત્સવનો લોગો મહારાજશ્રીએ જાતે બનાવ્યો છે ત્યારે પ.પૂ. મહારાજશ્રીએ અતિ નિર્માની પણે કહ્યું કે ના..ના... મેં નથી બનાવ્યો. હકીકતમાં મારા જૂના મિત્ર ગણો, સત્સંગી ગણો કે માણસ ગણો, માણસ એટલા માટે કે પ્રથમ માણસ થયા પછી જ લલાટમાં ચાંદલો શોભારૂપ થાય છે. નહીં તો અવળો પડે છે. હું અને અમિત ખરસાણી બેઠા એટલે અડધી મિનિટમાં કામ પુરું થઈ ગયું. હા, અમુક આચીસ, પધ્ધતિ, કોનસેપ્ટસ સંતો પાસેથી લીધા હતા. તેને ધ્યાનમાં રાખીને અમૂક મહેનત કરીએ એટલે છાંટણા (ભગવાનના આશીર્વાદરૂપ) થાય ! હા, ૯૯% મહેનત કરવી પડે ત્યારે ૧% ભગવાનના આશીર્વાદ ભળે એટલે એ ૧૦૦૦%નું કામ કરે છે એ મને ખબર છે. પરંતુ ૯૯% પરિશ્રમ તો કરવો જ પડશે. ખેતરમાં પાણી વાળ્યા વિના ઉગતું હોય તો તો અહોહો... પાણી વાળીએ પછી જ ભગવાન ભેળા ભળે. આ મહારાજના વચન છે. મને મગજમાં સ્ટ્રાઈક ન થાય ત્યાં સુધી હું નથી કરતો. એક ઘા એ ફીટ બેસવું જોઈએ. **'પર્વ'** બસ ઈનફ **'પર્વ'**... પૂર્ણ પર્વથી અધિક કંઈ

છે ? આ **'પર્વ'** છે... આપણે સૌએ ભેગા મળી **'પર્વ'** ઉજવવાનો છે. **'પર્વ'**ની આગળ કંઈ વિશેષણ ન હોય ! વિશેષણની આગળ પણ વિશેષણ લોકો મૂકતા હશે. નરનારાયણ ભગવાનની આગળ બીજુ કોઈ વિશેષણ મૂકવાનું છે ! 'જયશ્રી સ્વામિનારાયણ' કોઈના કીધે થઈ જવાનું છે ? હા, કોઈનું મૃત્યુ થયું હોય તો સામાન્યત બોલાતું હોય છે. જય રામજીકી, જય માતાજી.... એ સાર્વજનિક છે. ત્યારે કોઈ Good Morning ન કહી શકે, જો કહે તો તેની કિંમત થઈ જાય ! પણ એ સમયે 'જય સ્વામિનારાયણ' કહેવાય. એમાય બોલવાનો અલગ પ્રકારનો ટ્યુન હોય.

આ **'પર્વ'** આપણે ઉજવવાનો છે. તેમાં તમારા ઉપર બહુ મોટી જવાબદારી છે. સંતો સાથે હું તથા લાલજી મહારાજ તો છીએ જ. ૫૦-૫૦% ના ભાગે હું તથા લાલજી મહારાજ ગામડાઓ લેવાના છીએ. જૂનું લવારપુર ગામ મને યાદ છે. હવે તો બદલાઈ ગયું છે. જ્યારે માટીના મકાન હતા. ચુનાની દિવાલો હતી. ઉપર નળિયા હોય, મોભિયામાં હૂક ભરાવીને પંખો લટકતો હોય. કીચૂંડ કીચૂંડ અવાજ કરતો હોય. પણ હૃદય ઉપર હાથ મૂકીને કહો, ગામડાના એ પાટીના ખાટલામાં જે ઉંઘ આવે છે તે ઉંઘ આજે એ.સી. વાળી રૂમમાં આખી રાત પડખા ફેરવવા છતાં આવે છે ? નથી આવતી. અમારા માટે કોઈ પ્રોબ્લેમ નથી. અમારા ઉપર ભગવાનની કૃપા છે. તુરત જ ઉંઘી જઉ છું. આવી ઉંઘ ક્યારે આવે ? જ્યારે અહીંયા (હૃદય પર હાથ મૂકીને) પરમ શાંતિ હોય અને આમના ઉપર (શ્રી નરનારાયણદેવ ઉપર) સંપૂર્ણ વિશ્વાસ હોય ત્યારે આવે. બધી દુનિયામાં બહુ ચાલતું હોય પરંતુ આપણે સત્સંગ વધે છે. સત્સંગ વધે કે ઘટે... શ્રી નરનારાયણદેવની મરજી મુજબ થતું હોય છે. **મહારાજના વચન એ Equivalent to Full Stop છે. પૂર્ણ વિરામ છે. ૨૧૨ પૂર્ણ વિરામ છે. અલ્પ વિરામ નથી. નહીં તો ૨૧૩ મો કોઈએ કર્યો હોત. પણ કોઈએ નથી કર્યો. કોઈની તાકાત નથી. શિક્ષાપત્રી શાશ્વત છે છે ને છે અને અનંત કાળ સુધી કાયમ રહેવાની છે.**

આપણને આ દેવ મળ્યા છે એની વાત થઈ શકે તેમ નથી. આ દેવનો મહિમા કહી શકવા માટે મારી પણ કેપેસીટી કે હેસિયત નથી. આપણે એમના દીકરા છીએ એવી ખુમારી રાખજો. **હું આ દેવની ખુમારી ઉપર જીવું છું. અને છાતી કાઢીને ચાલતો હોઉં તો આ દેવની ખુમારી ઉપર ચાલું છું. સિધ્ધાંતની ખુમારી ઉપર ચાલું છું. ઘેર તમે જે કંઈ કરતા હો મને તેની કોઈ ચિંતા નથી. પરંતુ સંપ્રદાય માટે દેવના સિધ્ધાંત લાગુ પડશે. પડશે અને પડશે. એમા બાદબાકી નહી થાય. નહી થાય... અને નહીં જ થાય. એ માથું ફુટી જાય કે દિવાલ તૂટી જાય !** બીજી વાત એ છે કે જે તે હરિમંદિરો કે શિખરબધ્ધ મંદિરોના વહીવટ સ્વતંત્ર રીતે ચાલતા હોય તે દયા કરીને ૧૯૧૫ ટ્રસ્ટ એકટ ઓફ લો બુક વાંચજો. નહી તો કાલે ઉઠીને લોચો પડવાનો છે. અત્યાર સુધી ઘણા એલિગેશન થયા છે. ત્યારે અમારે ખૂબ પરિશ્રમ કરવો પડે છે. End of the day રીટન (લખાણ) અમારે ફાઈલ કરવા પડે છે. ખરુ ને ! ટ્રસ્ટીઓ અહીં બેઠા છે. ઓથોરાઈઝ ડીલરશીપ આપીને રોયલ્ટી લેતા નથી. ઉપરથી આપીએ છીએ. આ દુનિયા ક્યાંય મળે નહી. કાલ ઉઠીને ક્યાંક આપણા મંદિર આપણા દીકરાને ગેરમાર્ગે ન લઈ જાય. તેની જવાબદારી આપણી નથી ? તમારા મકાનના દસ્તાવેજ તમે કોઈ બીજાના નામે કર્યા છે ? કેવા સાચવીને રાખો છો ? ૩-૪ વાર તાળું ચેક કરીને તિજોરીમાં રાખતા હશો. **તમારા કાગળ ક્લીયર હોય તો દેવના કાગળ ક્લીયર ન હોય તે કેમ ચલાવી લ્યો છો ?** કંઈ ગૂંચવણ હોય તો સીધો મારો સંપર્ક કરજો. હમણા વસઈ ડાભલા મંદિરનો નાનો-મોટો ઈસ્યુ થયેલો. મેં પી.પી. સ્વામીને કહ્યું, હરિભક્તોને લઈને મારી પાસે આવી જાવ. પાંચ મિનિટમાં કામ પૂરુ થઈ ગયું. **આપણે દેવના છીએ તો સાચા અર્થમાં દેવના થવામાં પ્રોબ્લેમ શું છે ? ખાલી વાતો જ કરવાની છે ? ઘણા ખોટી ખોટી વાતો કરતા હોય છે કે બધું દેવનું જ છે ને ! દેવનું જ હોય તો લાવો. લખીને આપી દો ને... લાવો ! વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરો છો.** પરંતુ યાદ રાખજો કે ખીસામાં શું લઈને આવ્યા હતા અને શું લઈ જશો ? છેલ્લે ચાર માણસો મળે તો સારું છે ! તમારા મકાનોની વાત નથી કરતો **મંદિર નરનારાયણદેવનું જ્યાં પણ હોય, જ્યાં પણ દેવના નામનું પાટિયું માર્યું હોય તે On Paper લીગલી દેવનું હોવું જ જોઈએ.** જ્યાં

પણ ગાંઠ પડે તો સીધા મારી પાસે શું કામ છે અને શું પરિસ્થિતિ છે. તેની અગાઉથી જાણ કરીને આવજો. કારણ મારે સેટીંગ કરવું પડતું હોય છે. હું કોઈને નિરાશ કરીને પાછો મોકલીશ નહીં. મહારાજશ્રી મળતા નથી એવું કોઈ કહે તો માનશો નહી. વાસ્તવિકતા લાલજી મહારાજ જાણે છે. જમીન ઉપર બેસીને કોઈની પણ સાથે વાત કરવામાં ને નાનપ કે મોટપ નથી સમય જે મળ્યો છે તેનો ઉપયોગ કરું છું. મૂળી દેશમાં મંદિરોની વાત ખાસ લાગુ પડે છે. સાચવજો. **જે રાધાકૃષ્ણદેવનું હશે એ સાચા અર્થમાં રાધાકૃષ્ણદેવનું થઈને જ રહેશે. નહી છોડું ! જે દેવનું નથી એ મારું નથી. જે દેવના નથી એ મારા નથી. જે દેવના નથી એ આચાર્યના નથી અને તમારે માત્ર દેવના જ થવાનું છે. એટલે આચાર્ય આપોઆપ તમારા થશે. કારણ કે અમે દેવના છીએ.** ઘણા ઉંધો કાન પકડતા હોય છે. એઠું જૂઠું બોલતા હોય છે અને કહેતા હોય છે કે 'આચાર્યની આજ્ઞા છે.' તો આચાર્ય કોની આજ્ઞામાં રહે છે! સીધું મહારાજની આજ્ઞા છે. એમ જ કહોને વાત એટલી છે કે દેવના થશો અને એ પ્રણાલિકા દીકરા દીકરીઓને આપશો. એ વારસો પેઢીઓમાં વધારજો. સિધ્ધાંતો આપજો. તકલીફ એ છે કે તમે ડ્યુઅલ સ્ટેન્ડીંગમાં હશો તો સાચો સિધ્ધાંત તમે નહી આપી શકો. આપણે જો સ્પષ્ટ હોઈશું તો ભાવિ પેઢીમાં સાચો વારસો આપી શકીશું. હું કંઈ ટ્રેડીશનલ ભાષણ નથી કરતો. દેવના સાનિધ્યમાં બેઠા છીએ. હું ચોખ્ખે ચોખ્ખી વાત કરું છું અને તમે સાંભળો છો. **દેવના થઈને રહેશો તો તમારી સુરક્ષા થશે.** રૂપિયાથી સુરક્ષા નથી આવતી. સુવિધા મળે છે પરંતુ સુવિધાની પાછળ મેઈન્ટેનન્સ એટલું જ રાખવું પડે છે ! જાડી ગાડી ને જાડા પૈડા હોય, પંકચર જાડું પડે એટલે બીલ પણ જાડું આવે ! સાયકલમાં નાનું બીલ આવે.

બીજું દયા કરીને હજું શરીરનું સ્વાસ્થ્ય સાચવજો. એટલે જ ઘનશ્યામ મહારાજ આગળ હાથ જોડીને હું ડિસ્ટન્સ જાળવવાનું કહેતો હતો. તમે ભેગા થઈને અડીને ઉભા રહો એમાં મને શું વાંધો છે. પરંતુ મહારાજની આજ્ઞા છે કે રોગાદિક આપત્કાળમાં પોતાની તથા બીજાની રક્ષા થાય તેમ વર્તવું. બીજું પળાય ન પળાય, આટલું તો પોતાના માટે પાળીએ. હાલના કાળમાં હજુ બહુ રિલેક્સ થવા જેવું નથી. લાલજી મહારાજે કહ્યું ને કે પ્રથમ અંતઃકરણ, મન અને ત્યાર પછી શરીરનું શુધ્ધિકરણ હશે તો પછી દેવના પગથિયા ચડવા કામ લાગે છે.

દેવ છે તો બધું છે. દેવે આચાર્ય બનાવ્યા છે એ પદનું ગૌરવ છે. સંતોની અને હરિભક્તોની પ્રણાલિકા પણ મહારાજે સ્થાપી છે. તેથી તેનો મહિમા છે આ કોઈ કલ્પીત નીકાળી કાઢેલી દુનિયા નથી. **એકબીજાની મર્યાદા સાચવીએ કારણ કે આ અમદાવાદ દેશ છે. પરમ શાંતિ છે અહીં છે કે નહિ ? ગર્વ રાખો. મઝામાં રહો ભગવાન જેવા ભગવાન મળ્યા છે મર્યાદામાં રહો. Under Line (ખાસ) સંતો દૂર દૂરથી આવ્યા છે. સંતો પૂજનીય છે. મહારાજ કહે, આ અક્ષરધામની સભા છે. જોવા જવુ છે તમારે તો જોઈ લો. દ્રષ્ટિ હશે તો મનાશે. Positivity ની જરૂર છે. Negation કાઢશો તો Negation નીકળશે. આ દેવ બહુ બળિયા છે. આનાથી અધિક કોઈ છે જ નહિ !! કારણ કે મહારાજ ઉંબરે ઉભા રહીને બોલ્યા છે કે આમા અને અમારામાં રતિમાત્ર ભેદ નથી. અને એ ગર્વથી જો આ લાલ પાઘ ઉતરતી હોય તો આ દેવના ઉંબરે જ ઉતરે છે બાકી કોઈ જગ્યાએ ઉતરતી નથી.**

અમને તમારા ઉપર વિશ્વાસ છે કે તમે અમારા છો માટે સૌ **'પર્વ'**ની તૈયારી કરશો. તમારા માટે અમે અને લાલજી મહારાજ અડધી રાત્રે ઉભા છીએ. કામ અને પરિસ્થિતિ જોઈને હું સમય આપીશ. દરેક રીતે કાર્ય થશે. બહેનોને પણ મહારાજે સંપ્રદાયમાં ગરિમા આપી છે. તેઓનું સ્થાન છે. હવેલીમાં કોઈ ઘુસી શકે નહિ.

સૌએ પરંપરા સાચવવાની છે. દીકરા ! (પાટોત્સવના યજમાનશ્રીના દીકરા તરફ જોઈને) તારે ખાસ સાચવવાનું છે. **Not about Buisiness or Money but Athics** (ધંધો કે પૈસા માટે નહી પરંતુ સિધ્ધાંત) **try confusion** પ્રથમ **Come to me** તમારા દીકરાઓના પણ દીકરાઓના મુખ પર અમારે સાચી **Smile** (સ્મિત) જોવી છે. આ સભામાં વડીલો આગળ બેઠા છે પરંતુ **'પર્વ'**માં તમારા દીકરાઓને આગળ બેઠેલા મારે જોવા છે. તમારા સૌનું હિત થાય, કલ્યાણ થાય. સર્વ પ્રકારે મંગલ થાય એવી પ્રાર્થના અમે આજે મહારાજના ચરણોમાં કરી છે. **'પર્વ'** એક એક ઘર સુધી પહોંચવું જોઈએ. માટે **Be Responsible**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

કલાની નવ દેવીને લેટીનમાં મ્યુઝ કહેવાય છે અને તે નવ દેવીનું મંદિર એટલે મ્યુઝિયમ અને ગુજરાતીમાં મ્યુઝનો અર્થ છે મનન કરવું કે ધ્યાન કરવું. આપણા મ્યુઝિયમના હોલ નંબર ૮માં ધ્યાન કરવા યોગ્ય વાતાવરણ છે એટલે આપણા મ્યુઝિયમને ધ્યાન મંદિર કહી શકાય.

આવા દિવ્ય વાતાવરણવાળા આપણા આ મ્યુઝિયમને આ વર્ષે ૧૦ વર્ષ પુરા થયા આમ તો દશમાં વાર્ષિક સ્થાપના દિન ઉજવવાની સૌને ઉત્સુકતા હોય અને હતી પરંતુ કોરોના કાળની વર્તમાન પરિસ્થિતિમાં એ દિવસે ૧૬ માર્ચે સદ્ભાગ્યે મ્યુઝિયમ ચાલુ હતું તે જ સંતોષ માનવા જેવી વાત હતી. એટલે દર વર્ષની જેમ મ્યુઝિમમાંજ સાદાઈથી ઓછા માણસોની હાજરીમાં દશમો સ્થાપના દિન ઉજવવાનું નક્કી થયું. મુખ્ય યજમાન શ્રી જનકભાઈ ગોકળદાસ પટેલ રહ્યા. તથા સહ યજમાન અને શુભેચ્છક યજમાનો થઈ કુલ ૨૫૦ યજમાનોએ સમૂહ મહાપૂજાનો લાભ લીધો હતો.

મ્યુઝિયમમાં દાખલ થતા ચાર અલગ અલગ ધાતુના દસ વર્ષથી ખાલી બોર્ડ પર પ.પૂ.મોટા મહારાજશ્રીના સંકલ્પે કરીને મ્યુઝિયમમાં દરેક હોલમાં જોવા લાયક અગત્યની વસ્તુઓનું લીસ્ટ મૂકવામાં આવ્યું હતું. સમૂહ મહાપપૂજા સમાપન બાદ સોશિયલ ડિસ્ટન્ટ જાળવવાના હેતુથી મ્યુઝિયમના પાછળના ભાગે ખુલ્લામાં મંડપ બાંધી સભા કરવામાં આવી હતી. જેમાં પ.પૂ.મોટા મહારાજશ્રીએ ખૂબ સુંદર આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ લગભગ ૧૨૦૦ લોકોએ ભોજન-પ્રસાદ ગ્રહણ કર્યો હતો.મ્યુઝિયમના પટાંગણમાં ૧૦૦ જેટલા સોલાર લાઈટના ઓટોમેટીક થાંભલા નાંખવામાં આવ્યા છે જેના કારણે નિઃશુલ્ક વિજળી થી મ્યુઝિયમ કાયમ ઝળહળતુ રહે.

આમ તો સમાજમાં લોકો ધનવાન હોવાના, ગરીબ હોવાના, ધાર્મિક હોવાના કે બુધ્ધિજીવી હોવાના અલગ અલગ માસ્ક (મુખવટા) પહેરી ફરતા હોય છે. મ્યુઝિયમમાં પણ સૌ એ માસ્ક ધારણ કરેલ પરંતુ એ દરેક માસ્કની પાછળ શ્રી નરનારાયણદેવ પ્રત્યેની સાચી નિષ્ઠા વાળો જ ચહેરો છલકતો હતો.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી-માર્ચ-૨૦૨૧

તા. ૧૮-૩-૨૧ સાં.યો. ગંગાબા, કમળાબા તથા મહિલા મંડળ -
શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા હ. સાં.યો.રાજકુંવરબા તથા ઉષાબા - મોરબી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-માર્ચ-૨૦૨૧

તા. ૦૫-૦૩-૨૧ અ.નિ. જયંતિભાઈ સાંકળચંદ (સુપર માર્બલ)ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે
હ.કાંતાબેન, મીતાબેન, પાર્થ, દિવ્ય, પ્રિયંકા, ઉચિત (વિહારવાળા)

તા. ૧૩-૦૩-૨૧ ગીતાબેન નવિનભાઈ પોપટલાલ ઠક્કર - પાલડી

તા. ૧૪-૦૩-૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - હિંમતનગર
પ્રેરકઃ- મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજી

તા. ૧૬-૦૩-૨૧ મ્યુઝિયમનો ૧૦મો સ્થાપનાદિન
યજમાન શ્રી જનકકુમાર ગોકળદાસ પટેલ પરિવાર(લવારપુરવાળા)

તા. ૩૧-૦૩-૨૧ કેયાબેન વિપુલકુમાર (નેત્રામલી) હિંમતનગર
હસ્તે ડૉ. હરિકૃષ્ણભાઈ પટેલ - સાપાવાડા

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સમર્પણ ભેટ યાદી-માર્ચ-૨૦૨૧

રૂા. ૧,૦૦,૧૦૦/- શ્રી ડાહ્યાભાઈ નારણદાસ પટેલ માણસાવાળા હાલ - અમદાવાદ
હ. પી.પી.સ્વામી સેક્ટર-૨ ગાંધીનગર

રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી વિઠ્ઠલભાઈ શીવરામદાસ પટેલ - રિદ્રોલવાળા

રૂા. ૫૦,૦૦૦/- અ.નિ.બાબુલાલ મણીલાલ શાહ પરિવાર (પ્રાંતિજવાળા)
હ.સંયુક્તાબેન શરદભાઈ શાહ - અમદાવાદ

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''ભગવાન સાથે જોઈએ તેવું હેત કેમ થતું નથી ?''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

**'ભગ'** એટલે ઐશ્વર્ય અને **'વાન'** એટલે યુક્ત ઐશ્વર્યોથી યુક્ત એટલે **'ભગવાન'** છ જાતના ઐશ્વર્યો છે તે ભગવાનમાં અનંત માત્રામાં રહેલા છે. **'જ્ઞાન', 'વિરતા', 'શ્રી' અર્થાત્ લક્ષ્મી, 'યશ', 'સૌંદર્ય', 'વૈરાગ્ય'** અનંત માત્રા એટલે **'અસીમ'** જેની કોઈ સીમા જ નથી. આ છ જાતના અનંત માત્રામાં ઐશ્વર્ય હોવા છતા પોતાને તેમાં **'આસક્તિ'** નથી કહેતા સંપૂર્ણ વૈરાગ્ય છે. એટલે પોતાના જે ગુણો છે તેમાં પણ બંધાયેલા નથી. સંપૂર્ણ **'વિતરાગ'** છે એટલે ભગવાન આટલા બધા મોટા છે. એટલે આપણે એમની નજીક જઈ શકતા નથી. એટલે આપણને ભગવાન સાથે જોઈએ તેવું હેત થતું નથી. આપણને **'બીક'** નહિ પરંતુ એમના ઐશ્વર્યોનો **'તાપ'** લાગે છે. કેમ કે ? આપણામાં એમના જેવા ગુણો નથી.

જેમ સૂર્ય પ્રકાશ આપે છે તો સારુ લાગે છે પરંતુ આપણે સૂર્યની નજીક જઈએ તો શું થાય ? અસહ્ય ગરમી લાગે. અને વધારે નજીક જઈએ તો બળી જઈશું. કેમ કે ? લાયકાત કરતા વધારે મેળવવા જઈએ તો આપણને જ તકલીફ થાય છે. **તો ભગવાનની નજીક જવું હોય તો શું કરવું પડે ? તો એક તો એ છે કે આપણામાં એવા ગુણો કેળવવા પડે. લાયક બનવું પડે અને બીજું એ છે સખા ભાવ રાખી ભક્તિ કરવાની એ વધારે સુગમ કે.** જેમ કે દેશના રાષ્ટ્રપતિ હોય તેને મળવું હોય તો કેટલી પ્રક્રિયામાં પસાર થવું પડે. કેટલા લોકોને મળીને તેમનો સમય લેવો પડે છે. તો પણ ખાલી પાંચ કે દસ મિનિટ માટે મળાય છે. એના બદલે જો તમારી સાથે એમની મિત્રતા હોય તો ફોનથી તરત સમય લઈ લો ને એ તમને સમય આપી દે. એટલે તમારું કામ પતી જાય છે. તો ભગવાનના વિરાટ સ્વરૂપને વિસ્મૃત કરી દેવાનું અને પોતાના મિત્ર માની લેવાના. **એનો અર્થ એ નથી કે ભગવાનની મર્યાદા નહિ રાખવાની પણ એવો ભાવ રાખવાનો કે ભગવાન બધાના છે. અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ છે. માટે આપણા પણ છે. આપણો પણ પૂર્ણ અધિકાર છે. કેમ કે ? આપણે એમના જ છીએ.**

જેમ કોઈ એક પ્રદેશમાં રાજાની સવારી નીકળે તો પ્રજાજનો દૂરથી જોઈને દર્શન કરે છે કે આ મારા પ્રદેશના રાજા છે. હું તેમના રાજ્યમાં રહું છું. અને રાજાના સેવક હોય છે એ રાજાને પ્રજાજન કરતા વધારે નજીકથી ઓળખે છે. કેમ કે ? એ એમની આજ્ઞાનું પાલન કરે છે સેવા કરે છે. અને રાજાના જે મિત્ર છે તે દાસ કરતા પણ વધારે સારી રીતે ઓળખે છે. કેમ કે જે મિત્રો હોય તે એકબીજાના સ્વભાવ ઓળખતા હોય છે. અને બન્ને વચ્ચે પ્રેમની ભાવના પણ હોય છે. અને રાજાનો પુત્ર હોય તે રાજાના ખોળામાં રમે છે. એ રીતે બીજા કોઈની હિંમત જ ના થાય. રાજાના ખોળામાં રમવા માટે એના દીકરા થઈને જન્મ લેવો પડે. એ સિવાય રાજા બીજા કોઈને રમાડે તો એ રાજાની દયા છે. તો જે રીતે રાજા એક જ છે. પણ બધાની સાથે સંબંધ જુદા જુદા છે. એ રીતે ભગવાન એક જ છે. પણ જે ભક્ત છે તે ભગવાન સાથે જુદા જુદા રીતે સંબંધ રાખે છે. પણ પ્રેમ સહિત સંબંધ રાખવાનો એ વધારે સારો છે. તો ભગવાનની સાથે સખાભાવ રાખીએ તો ભગવાનની નજીક જઈ શકાય. મહાભારતના યુધ્ધમાં અર્જુન ભગવાનના સખા હતા અને ભગવાન સરળ બની એમના 'સારથિ' બન્યા હતા છતાં પણ જ્યારે ભગવાને અર્જુનને વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા તો અર્જુન ગભરાઈ ગયા હતા. ગાંડીવધારી અર્જુન એટલા મહાન હતા તો પણ તેમની પણ એક મર્યાદા આવી ગઈ અને અર્જુને ભગવાનને કીધું કે આપ આપનું વિરાટ સ્વરૂપ સંકેલી લો અને સખાભાવે દર્શન આપો. તો ભગવાનના બે સ્વરૂપ છે. એક વિરાટ સ્વરૂપ અને બીજુ

મધુર સ્વરુપ. તો ભગવાન પોતાના ઐશ્વર્યયુક્ત વિરાટસ્વરૂપે જો દર્શન દે તો નજીક ના જઈ શકાય. માટે ભગવાન પોતાની સામર્થી છુપાવીને દર્શન આપે છે. તો આપણે પણ ભગવાનના વિરાટ સ્વરૂપને વિસ્મૃત કરી દેવાનું અને પોતાના માનીને ભક્તિ કરવાની. કેમ કે ? આપણે અજ્ઞાનથી પરિપૂર્ણ છીએ અને ભગવાનની પ્રત્યેક જીવ ઉપર કેટલી બધી **'કરુણા'** છે. પરંતુ આપણે એમને સમજી શકતા જ નથી. તો પોતપોતાનો ભાવ રાખીશું તો સરળતાથી આગળ વધી શકાશે. જેમ કે કોઈ એક મોટો ઓફિસર અધિકારી હોય એની માતા હોય તો માતાની લાગણી તો તેના પ્રત્યે એક દીકરા તરીકે જ હોય છે. માતાની દૃષ્ટિમાં એ અધિકારી નહી પણ પોતાનો દીકરો જ હોય છે. એ એવું વિચારશે કે પહેલા મારા દીકરો છે. પછી અધિકારીની દૃષ્ટિ હોય છે. તો **જ્યાં પોતાપણું આવ્યું તો ત્યાં 'બુદ્ધિ' નથી 'પ્રેમ' અને 'લાગણી' જ હોય છે. તો ભગવાન સાથે એવી રીતે પોતાપણું રાખી 'પ્રેમ' કરવાનો. કેમ કે ? જેણે 'પ્રેમ' કર્યો છે એણે 'શરણાગતિ' સ્વીકારી લીધી હોય છે. પ્રેમમાં શરણાગતિ સ્વીકારવી પડતી નથી ૧૦૦% શરણાગતિ થઈ જ જાય છે.** તમે તમારા પરિવારને પ્રેમ કરો છો તેમજ તમારા બાળકને તમારા પતિને બધું ગમતું કરો છો. **તો આપણે આવો પ્રેમ પરિવારમાં રાખી શકતા હોય તો ભગવાન સાથે કેમ નહિ ? પરંતુ એટલું ધ્યાન રાખવાનું છે કે જો ભગવાનનો સંપૂર્ણ પ્રેમ મેળવવો હોય તો સંપૂર્ણ શુધ્ધ થવું પડશે.** આપણું અંતઃકરણ શુધ્ધ હોવું જોઈએ. તમારું બાળક ગંદુ હોય, માટીવાળા હાથ પગ હોય તો તમે એને પહેલા સાફ કરી દેશો પછી જ રમાડશો અને ખોળામાં બેસાડશો. તો પરમાત્મા સાથે પ્રેમ કરવા માટે પ્રથમ પોતાના માનવા પડે. પ્રેમ થશે ત્યારે શરણાગતિ આપોઆપ થઈ જાય છે. જ્યાં પ્રેમ છે ત્યાં પછી બીજી કોઈ વસ્તુની જરૂર રહેતી જ નથી.

અર્જુનને ભગવાને જે જ્ઞાન આપ્યું તેમા શરૂઆતથી અંત સુધી અર્જુનને શંકા મટી જ નથી પછી છેલ્લે ભગવાને અઢારમાં અધ્યાયમાં ૬૪ માં શ્લોકમાં કીધું કે મિત્ર તરીકે તને એક ગુહ્ય વાત કહું છું તે તું સાંભળ. તું તારું **'મન'** અને **'બુદ્ધિ'** મને અર્પણ કરી દે તો પછી ૧૦૦% સંપૂર્ણ શરણાગતિ આવી ગઈ.

તો આપણે પણ સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીને ભગવાનની ભક્તિ ચાલુ રાખવાની. ભક્તિની પૂર્ણાહુતિ ક્યારેય થતી નથી. કર્મનું કાર્ય ફળ મળી જાય એટલે કર્મનું કાર્ય પુરુ થઈ જાય છે. જ્ઞાનનું કાર્ય શું છે ? તો અજ્ઞાનને મટાડી દે છે. એટલે જ્ઞાનનું કાર્ય પૂર્ણ થઈ જાય છે. પરંતુ **'ભક્તિ ક્યારેય આપણો સાથ છોડતી નથી'** આપણે પરમાત્માને મેળવવા માટે શરૂઆત ભક્તિથી કરીએ છીએ અને એ ભક્તિ ભાવ ભક્તિમાં પરિવર્તિત થાય છે. પછી પ્રેમ ભક્તિમાં પરિવર્તન થાય છે અને પછી તેના દ્વારા **'ભગવદ્પ્રાપ્તિ'** થઈ જાય છે.

## SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

**BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE**

**STATE BANK OF INDIA**
NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**
G S HIGH WAY BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000G523
MICR CODE : 380 019 038

**BANK OF INDIA**
RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવનો ૧૯૯ મો પાટોત્સવ

સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને આજથી ૧૯૯ વર્ષ પહેલા મહામંદિરનું નિર્માણ કરવાના સંકલ્પ સ્વરૂપે સંપ્રદાયમાં સૌ પ્રથમ અંગ્રેજ સરકારના અતિ આગ્રહથી યાવત ચંદ્ર દિવા કરૌ આ બ્રહ્માંડની અવધિ રહે ત્યાં સુધી જમીન મેળવીને તાંબાના પતરા ઉપર લેખ કરાવીને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સ.ગુ. આનંદાનંદ સ્વામીએ શિલ્પ સ્થાપત્યનું ગગનચૂંબી મહામંદિર નિર્માણ કરાવીને સં. ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ ત્રીજના સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવને બાથમાં લઈ પધરાવ્યા જે મહાપ્રતાપી દેવનો ૧૯૯ મો પાટોત્સવ મહોત્સવ ફાગણ સુદ-૩ તા. ૧૬-૩-૨૦૨૧ ને મંગળવારના રોજ વિધિવત રીતે સંપન્ન થયો. તા. ૧૩-૩-૨૦૨૧ થી તા. ૧૫-૩-૨૦૨૧ પ્રર્યન્ત ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ શ્રીહરિયાગ વિદ્વાન પંડિતો દ્વારા યજમાન પરિવારોએ તેમાં બેસીને સવારે ૯-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી મહાઅલૌકિક લાભ લીધો.

ફાગણ સુદ-૩ ત્રીજના સવારે ૫-૦૦ થી ૬-૩૦ સુધી ઠાકોરજીનું પૂજન અર્ચન અને ૬-૩૦ થી ૭-૦૦ પરમ કૃપાળુ શ્રી નરનારાયણાદિદેવોનો ષોડશોપચાર મહાભિષેક શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન અ.નિ. ગોકળદાસ શામળભાઈ પટેલ પરિવાર લવારપુરવાળા હાલ અમદાવાદ. પ.ભ. કિરીટકુમાર ગોકળદાસ પટેલ, પ.ભ. રજનીકુમાર ગોકળદાસ પટેલ, પ.ભ. જનકકુમાર ગોકળદાસ પટેલ - હ. જય કિરીટકુમાર પટેલ, હાર્દિક રજનીકાંત પટેલ, પાર્થ જનકકુમાર પટેલ, ઉત્કર્ષ રસિકલાલ પટેલ આદિ સૌએ ધર્મવંશીની આરતી ઉતારી ભેટ અર્પણ કરી રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવના આગામી ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ''ની આયોજન પત્રિકા સૌ સંત-હરિભક્તો સમક્ષ ખુલ્લી મૂકી હતી અને જેની તૈયારી માટે સૌ સંત-હરિભક્તોને ખંભે ખંભા મિલાવી ગામો ગામ ઉત્સવની તૈયારીમાં લાગી જવા આહ્‌વાન કર્યું હતું.

પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ''પર્વ'' ઉત્સવમાં સૌને લાભ લેવા અને તેમાં તમામ પ્રકારની સેવા કરવા આજ્ઞા કરી હતી.

છેલ્લે પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ગુણદાસજીએ સૌને ''પર્વ''ની વિગતવાર માહિતી સાથે તેની આયોજન પત્રિકા સૌને વહેંચાવડાવી હતી. છેલ્લે સૌએ અન્નકૂટ આરતીના દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (પૂ. મહંત સ્વામીના પ્રતિનિધિ દ્વારા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર ભુડીયા વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી ધરમપુર (ભુડીયા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ત્રીજો વાર્ષિક પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

જે અંતર્ગત ઠાકોરજીની મહાપૂજા અને અન્નકૂટ સુંદર રીતે થયા હતા. આ પ્રસંગે પૂ. પી.પી. સ્વામી (ગાંધીનગર) તેમના મંડળના સંતો ઘનશ્યામપ્રકાશ સ્વામી, ઘનશ્યામસ્વરૂપ સ્વામી, હરિપ્રકાશ સ્વામી (કાલુપુર) આદિ સંતોએ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. (ઘનશ્યામસિંહ રાણા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ ૨૧ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલમાં બિરાજમાન શ્રીહરિનો ૨૧ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ.ગુ. સ્વા. રામકૃષ્ણદાસજી (કથા કરી હતી) અને સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી આદિ સંત મંડળે પધારી સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ સુંદર રીતે થયા હતા. (અનિલભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો) પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સ.ગુ. સ્વામી વાસુદેવચરણદાસજી (દિવડા કોલોની)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો)માં બિરાજમાન શ્રી ઠાકોરજીનો પાટોત્સવ મહા વદ-૮ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત સમૂહ પૂજા રાખવામાં આવી હતી. જેમાં ૫૭ જેટલા ભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગે પાટોત્સવના યજમાન પ.ભ. બળવંતસિંહ એમ. ડાભી, અન્નકૂટના યજમાન પ.ભ. મનુજી ગોવિંદજી ડાભી અને સંત પૂજનના યજમાન પ.ભ. પૃથ્વીસિંહ પૂંજાજી ડાભી આદિ પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે પૂ. વાસુદેવ સ્વામી અને અમદાવાદથી પધારેલા સંતોએ ઠાકોરજીનો અભિષેક કરી કથા વાર્તા કરી અન્નકૂટ આરતી ઉતારીને સૌને આશીર્વાદ આપ્યા હતા. (કોઠારીશ્રી ડાંગરવા વાંટો)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા ૧૩ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરામાં વિરાજમાન ઠાકોરજીનો ૧૩ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

ગાંધીનગર સે-૨ ના પૂ. મહંત પી.પી. સ્વામીના માર્ગદર્શન-પ્રેરણાથી સંત મંડળ દ્વારા ઠાકોરજીનો અભિષેક અન્નકૂટ આરતી અને સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી દ્વારા કથાવાર્તાનું રસપાન સૌએ કર્યું હતું. આ પ્રસંગે સ્વામી નિલકંઠચરણદાસજી (મૂળી) આદિ સંતો પધાર્યા હતા. (દેવપ્રકાશ સ્વામી - ગાંધીનગર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢ ૨૪ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢનો ૨૪ મો પાટોત્સવ સુંદર રીતે ઉજવાયો.

આ પ્રસંગે હોમાત્મક મહાપૂજા સ્વામી કુંજવિહારીદાસજી દ્વારા કરાવવામાં આવી હતી. ધામોધામથી પધારેલા સંતોમાં સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી, મહંત સ્વામી પ્રાણજીવનદાસજી, સ્વા. નિલકંઠચરણદાસજી, ઘનશ્યામજીવન સ્વામી, ધર્મકિશોરદાસજી, દેવ સ્વામી, મહેન્દ્ર ભગત અને શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી આદિ સંતોએ પ્રેરણાત્મક પ્રવચન કર્યું હતું. પી.પી. સ્વામીએ ૨૫ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવવા સૌને પ્રેરણા કરી હતી. સંતો દ્વારા ઠાકોરજીને અભિષેક અને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. (મિહીર કનુભાઈ પટેલ - માધવગઢ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુર માસિક સત્સંગ સભા

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુરમાં દર પૂનમે સત્સંગ સભાનું સુંદર આયોજન થાય છે. તા. ૨૭-૨-૨૦૨૧ ને પૂનમના આયોજીત સભામાં શા. પી.પી. સ્વામી (ગાંધીનગર), સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) નિલકંઠ સ્વામી (મૂળી) અને પૂજારી સ્વામી કુંજવિહારીદાસજીએ સૌ હરિભક્તોને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. આગામી સભા ફાગણ સુદ-૧૫ ના થશે. (સ્વા. દેવપ્રકાશદાસજી - ગાંધીનગર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુરા (બોરીંગવાળુ) (ભાઈઓ-બહેનોનું) પ્રથમ પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુરા (બોરીંગવાળુ) (ભાઈઓ-બહેનોનું)નો પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ અને શા. સ્વામી રામકૃષ્ણદાસજી દ્વારા કથા થઈ હતી. ધામોધામથી સંતોએ પધારી લાભ આપ્યો હતો. (કોઠારીશ્રી મણીપુરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વરસોડા સત્સંગ સભા

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ગાંધીનગર સે-૨ મંદિરના મહંતશ્રી પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર વરસોડા મંદિર માસિક સત્સંગ સભા અંતર્ગત તા. ૨૭-૨-૨૦૨૧ ના માસિક સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘનશ્યામ સ્વરૂપ સ્વામી, નિલકંઠચરણ સ્વામી આદિ સંતોએ સૌ હરિભક્તોને કથામૃત પાન કરાવ્યું હતું. (મૂળરાજસિંહ ચાવડા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા ૩૯ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ગાંધીનગર સે-૨ મંદિરના મહંત શ્રી પી.પી. સ્વામીની પ્રેરણાથી કોઠારી પરિવારના યજમાન પદે ગવાડા મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૩૯ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ સમસ્ત સભાને કથામૃત પાન કરાવ્યું હતું. પી.પી. સ્વામીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ. મહંત સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારણઘાટ)એ શોભાવ્યું હતું. અન્ય સંતોમાં ગાંધીનગર મંદિરથી દેવપ્રકાશ સ્વામી અને ઘનશ્યામસ્વરૂપ સ્વામી પધાર્યા હતા. (મણીભાઈ પટેલ - ગવાડા)

### સત્સંગ સભા કોટેશ્વર

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને ગાંધીનગર મંદિર સે-૨ના મહંત સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી કોટેશ્વર ગામમાં આવેલ પ્રસાદીભુત એવા મહામુક્ત ઝવેર ભગતના પ્રસાદીના ઘરમાં દર માસના બીજા શનિવારે સત્સંગ સભાનું સુંદર આયોજન થાય છે. જે અંતર્ગત તા. ૧૩-૩-૨૧ ના રોજ સ્વામી નિલકંઠચરણદાસજી (મૂળી) એ સુંદર કથા વાર્તાનો લાભ આપ્યો હતો. (સ્વા. દેવપ્રકાશદાસજી - ગાંધીનગર)

### મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૧ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ગાંધીનગર મંદિર (સે-૨)ના મહંત પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૩૧ મો પાટોત્સવ તા. ૧૮-૨-૨૦૨૧ ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૩-૩-૨૦૨૧ થી તા. ૧૭-૩-૨૦૨૧ પર્યન્ત શ્રી ધીરજાખ્યાન ગ્રંથની પંચદિનાત્મક પારાયણ પ.ભ. અમિતભાઈ ગોવિંદદાસ પ્રજાપતિના યજમાનપદે અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી

(અપ્રોચ) સ.ગુ. સ્વામી નિલકંઠચરણદાસજી (મૂળી) અને સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આદિ થયા હતા. ધામોધામથી પધારેલા સંતોમાં ગાંધીનગર મંદિરથી મહંતશ્રી પી.પી. સ્વામી, શા.સ્વા. નારાયણમુનિદાસજી (કોટા), સ્વામી ગોપાલજીવનદાસજી (પ્રાંતિજ), વ્રજવલ્લભ સ્વામી, હરિચરણ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ્વામી દેવપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. આગામી શ્રી નરનારાયણદેવના ૨૦૦ મા પાટોત્સવ ''પર્વ''ની આયોજન પત્રિકા સૌને આપીને તેની વિગતવાર માહિતી સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજીએ આપી હતી. (કોઠારીશ્રી મોટેરા)

**મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર**

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાણશીણાનો ૫ મો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મૂળી મંદિરના પૂર્વ મહંત સ્વામી શ્યામસુંદરદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પાણશીણા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. સૌ પ્રથમ સંતો દ્વારા ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી થઈ હતી. મૂળી અને સુરેન્દ્રનગર આદિ ધામોથી સંતોએ પધારી સુંદર લાભ આપ્યો હતો. મોરબીથી સાંખ્યયોગી બાઈઓ પણ પધાર્યા હતા. (કોઠારી ઈશ્વરભાઈ)

**કીડી શ્રી સ્વામિનારાયણ મંદિર ત્રીજો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કીડી ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ત્રીજો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

તા. ૧૯-૩-૨૧ ના રોજ ઠાકોરજીનો અભિષેક અન્નકૂટ આદિના દર્શન કરી હરિભક્તો ખૂબજ રાજી થયા હતા. (મિત બિપીનભાઈ પાઠક - કીડી)

## અમદાવાદ દેશના ગામડાઓમાં શ્રીનરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ'' ઉત્સવ માટે નિયુક્ત કરેલા સંતો

શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પર્વ મહોત્સવ નિમિત્તે આપના ગામોમાં આ સંતોની નિયુક્તિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કરેલ છે તે સર્વ સંતો તમારા ગામોમાં આવે ત્યારે તેમની સભાઓ તથા અન્ય કાર્યક્રમોમાં સૌ અવશ્ય સહભાગી થશો.

| ક્રમ | દેશનું નામ | સંતોના નામ |
|---|---|---|
| ૧ | બાલવા | શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી |
| ૨ | પોર-વાવોલ | શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી |
| ૩ | સાદરા | શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી |
| ૪ | કણભા | શાસ્ત્રી સ્વામી હરિૐપ્રકાશદાસજી |
| ૫ | આંતરોલી | શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી |
| ૬ | કપડવંજ | સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી |
| ૭ | બાલાસિનોર | સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી |
| ૮ | લુણાવાડા | બ્રહ્મચારી સ્વામી હરિસ્વરૂપાનંદજી |
| ૯ | અમદાવાદ શહેર | શાસ્ત્રી પી.પી. સ્વામી (નાના) |
| ૧૦ | ભાત | મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |
| ૧૧ | સાણંદ | સ્વામી ધ્યાનપ્રિયદાસજી |
| ૧૨ | નળકંઠો | સ્વામી ધ્યાનપ્રિયદાસજી |
| ૧૩ | ખાખરીયા | શાસ્ત્રી સ્વામી આનંદપ્રિયદાસજી |
| ૧૪ | વિરમગામ | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી |
| ૧૫ | ટ્રેન્ટ સીતાપુર | શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુર) |
| ૧૬ | કટોસણ | શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી |
| ૧૭ | કડી રાજપુર | શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી |
| ૧૮ | શિરોહી (રાજ.) | શાસ્ત્રી સ્વામી ગુરુપ્રસાદદાસજી |
| ૧૯ | ઉંઝા | શાસ્ત્રી સ્વામી ચંદ્રપ્રકાશદાસજી |
| ૨૦ | વિસનગર | શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી |
| ૨૧ | લાંઘણજ | શાસ્ત્રી સ્વામી છપૈયાપ્રસાદદાસજી |
| ૨૨ | ડાંગરવા | શાસ્ત્રી સ્વામી ચંદ્રપ્રકાશદાસજી |
| ૨૩ | વિહાર | શાસ્ત્રી પી.પી. સ્વામી (નાના),<br>શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી |
| ૨૪ | મોખાસણ | શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી |
| ૨૫ | ધમાસણા | શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી |
| ૨૬ | પ્રાંતિજ | શાસ્ત્રી સ્વામી ગોપાળજીવનદાસજી |
| ૨૭ | સંતરામપુર | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી |
| ૨૮ | બનાસકાંઠા | શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી |
| ૨૯ | જેતલપુર | શાસ્ત્રી કે. પી. સ્વામી |
| ૩૦ | ધોળકા | શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી |
| ૩૧ | ઈડર | શાસ્ત્રી સ્વામી સિદ્ધેશ્વરદાસજી |
| ૩૨ | માણસા | શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજી |
| ૩૩ | સિધ્ધપુર | શાસ્ત્રી સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી |
| ૩૪ | વાલી | સ્વામી દેવપ્રસાદદાસજી |
| ૩૫ | મહેસાણા | શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજી |
| ૩૬ | કલોલ | શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી |
| ૩૭ | હિંમતનગર | શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| મહા સુદ-૧ | ચૌધરી નિકુલભાઈ ડાહ્યાભાઈ (મોહનથાળ) | બાલવા |
| મહા સુદ-૧ | પટેલ છોટાભાઈ ડાહ્યાભાઈ (મગસ) | ઝુંડાલ |
| મહા સુદ-૧ | હિરાણી અમરબાઈ કરશનભાઈ (ચુરમાના લાડુ) | ગોડપર-કચ્છ |
| મહા સુદ-૧ | ભલાણી પોપટભાઈ આંબાભાઈ (મોતૈયા લાડુ) | સુરત |
| મહા સુદ-૧ | ભાવસાર શૈલેષભાઈ (શાકોત્સવ) | અમદાવાદ |
| મહા સુદ-૧ | ખેતાણી શિવજી રૂડાભાઈ (ચુરમાના લાડુ) | ગોડપર-કચ્છ |
| મહા સુદ-૩ | પટેલ શશીકાંત શંકરભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| મહા સુદ-૩ | અ.નિ. પ્રહલાદભાઈ શંકરલાલ (માલપુંવા) | અમદાવાદ |
| મહા સુદ-૩ | શ્રી માધવ ટેક્ષટાઈલ (મોહનથાળ) | નિકોલ |
| મહા સુદ-૩ | પટેલ સુખાભાઈ ડી. (મોહનથાળ) | ગાંધીનગર |
| મહા સુદ-૩ | પટેલ જયંતીભાઈ કેશવલાલ (ચુરમાના લાડુ) | ડાંગરવા |
| મહા સુદ-૩ | સાવલીયા કાંતિભાઈ નાનજીભાઈ (મગસ) | સુરત |
| મહા સુદ-૪ | મહેતા કૈલાશબેન અરવિંદભાઈ (મગસ) | અમદાવાદ |
| મહા સુદ-૪ | પટેલ પ્રકાશ ભાનુભાઈ (મગસ) | અમદાવાદ |
| મહા સુદ-૪ | પટેલ સૌરભ ભાસ્કરભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા સુદ-૫ | અ.નિ. સ.ગુ. બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજીની વાર્ષિક તિથિ નિમિત્તે (મોહનથાળ) ચારૂમતિબેન ગીરીશભાઈ પટેલ (અમદાવાદ) | કાલુપુર મંદિર |
| મહા સુદ-૫ | પટેલ નટવરભાઈ હરજીવનદાસ (મોહનથાળ) | સોજા |
| મહા સુદ-૫ | અ.નિ. ગૌરીબા તથા અ.નિ. લાલજીભાઈ ભગવાનભાઈ પટેલ (મગસ) | દેવપુરા |
| મહા સુદ-૫ | નવદુર્ગા પરિવાર (મગસ) | કારીયાણા |
| મહા સુદ-૫ | હરિકૃષ્ણ કલ્પેશભાઈ (બાસુંદીપુરી) | અમદાવાદ |
| મહા સુદ-૫ | અ.નિ.બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજીની તિથિ નિમિત્તે તેમનું શિષ્ય બ્રહ્મચારી મંડળ (બાસુંદીપુરી) | કાલુપુર મંદિર |
| મહા સુદ-૫ | અ.નિ. હિરબાઈ મનજી હાલાઈ (બુંદી) | મેઘપર-કચ્છ |
| મહા સુદ-૫ | હસમુખભાઈ તથા અરવિંદભાઈ (મોહનથાળ) | કોટા |
| મહા સુદ-૬ | અ.નિ. લાલજીભાઈ કલ્યાણ વેકરીયા (ચુરમાના લાડુ) | નારાયણપર-કચ્છ |
| મહા સુદ-૬ | પટેલ ઉર્મિલાબેન ભરતકુમાર (કાજુબદામ મૈસુબ) | મુંબઈ |
| મહા સુદ-૬ | પટેલ રસિકભાઈ મગનભાઈ (મોહનથાળ) | ધરમપુર |
| મહા સુદ-૭ | ચૌહાણ ગણેશભાઈ નારણભાઈ (ચુરમાના લાડુ) | હળવદ |
| મહા સુદ-૭ | અ.નિ. લક્ષ્મણ લાલજી વાઘજીયાણી (મગસ) | સુખપર-કચ્છ |
| મહા સુદ-૮ | પટેલ જયંતીલાલ વાલજીભાઈ રમેશભાઈ (દૂધપાક પુરી) | ગવાડા |
| મહા સુદ-૮ | અ.નિ. કુરજી કલ્યાણભાઈ વરસાણી (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| મહા સુદ-૯ | કાછડીયા પ્રફુલકુમાર વિરજીભાઈ (મગસ) | અમદાવાદ |
| મહા સુદ-૯ | પટેલ નટવરલાલ રણછોડલાલ (મગસ) | ચાંદખેડા |
| મહા સુદ-૯ | પટેલ શર્વિલ દિનેશકુમાર (મોહનથાળ) | કરજીસણ |
| મહા સુદ-૯ | અ.નિ. મનુભાઈ ચુનીભાઈ (મગસ) | અમદાવાદ |
| મહા સુદ-૯ | અ.નિ. સ.ગુ. શા. સ્વા. લક્ષ્મીપ્રસાદદાસજી (સાટા) | વડતાલ |
| મહા સુદ-૯ | શ્રીહરિ ટ્રાવેલ્સ - કેરાઈ લાલજીભાઈ નાનજીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા સુદ-૯ | ગજેરા મનસુખભાઈ જેરામભાઈ (મોહનથાળ) | નિકોલ |
| મહા સુદ-૧૦ | અ.નિ. પાનબાઈ રવજી ખીમાણી (મગસ) | દહીંસરા-કચ્છ |
| મહા સુદ-૧૨ | સાંખ્યયોગી ધનબાઈ શિવજી ભંડેરી (મગસ) | મિરજાપુર-કચ્છ |
| મહા સુદ-૧૨ | પટેલ રેખાબેન (મગસ) | અમદાવાદ |
| મહા સુદ-૧૨ | થલોતરા વિનોદકુમાર જે. (મગસ) | અમદાવાદ |
| મહા સુદ-૧૨ | અ.નિ. હરિન બિપીનભાઈ (બુંદીના લાડુ) | સુરત |
| મહા સુદ-૧૨ | અ.નિ.બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી બ્રહ્મચારી શિષ્ય મંડળ (મોહનથાળ) | કાલુપુર મંદિર |
| મહા સુદ-૧૪ | અ.નિ. હાલાઈ પરબત કલ્યાણ (મગસ) | મેઘપર-કચ્છ |
| મહા વદ-૧ | અ.નિ. પટેલ સીતાબેન નારણભાઈ (ચુરમાના લાડુ) | |
| મહા વદ-૧ | પટેલ બિમલભાઈ લવજીભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| મહા વદ-૧ | ભાવસાર હરેશભાઈ કાંતિલાલ (મોહનથાળ) | અમદાવાદ |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| | | |
|---|---|---|
| મહા વદ-૧ | પટેલ ધ્રુવ તુષારભાઈ (મોહનથાળ) | ગાંધીનગર |
| મહા વદ-૨/૩ | પટેલ રજનીકાંત પુરષોતમભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| મહા વદ-૨/૩ | પટેલ પ્રકાશભાઈ ભુલાભાઈ (ચુરમાના લાડુ) | ધમાસણા |
| મહા વદ-૨/૩ | પટેલ મંગુબેન સોમદાસ (મોહનથાળ) | વડુ |
| મહા વદ-૨/૩ | મકરાણીયા લાલજીભાઈ વશરામભાઈ (ચુરમાના લાડુ) | જૂનાગઢ |
| મહા વદ-૨/૩ | પટેલ ચંદ્રિકાબેન હરકાંતભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| મહા વદ-૨/૩ | પટેલ ધર્મકુમાર બિંદેશભાઈ (ચુરમાના લાડુ) | |
| મહા વદ-૪ | પટેલ જયકુમાર હરેશભાઈ (શિખંડ પુરી) | વડતાલ |
| મહા વદ-૫ | ચિનારાણા જે. કે. (બુંદીના લાડુ) | નખત્રાણા-કચ્છ |
| મહા વદ-૫ | પટેલ સવિતાબેન રમણલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૬ | અ.નિ. ભરતભાઈ વનમાળીભાઈ (મોહનથાળ) | સુરત |
| મહા વદ-૬ | અ.નિ. ટીંડારીયા કાંતાબેન કરશનભાઈ (ચુરમાના લાડુ) | |
| મહા વદ-૬ | અ.નિ. શાહ નિલાબેન હરિકૃષ્ણભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| મહા વદ-૬ | ગજ્જર વિનયભાઈ વાસુદેવભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| મહા વદ-૬ | શ્રી ઘનશ્યામ ગારમેન્ટ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૬ | પટેલ ભરતભાઈ નટવરલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૬ | પટેલ બાબુભાઈ ઈશ્વરદાસ (ચુરમાના લાડુ) | માણસા |
| મહા વદ-૭ | અ.નિ. કેરાઈ કલ્યાણ લખમણ (સાટા) | રામપર-કચ્છ |
| મહા વદ-૭ | અ.નિ. કેરાઈ કરશન દેવજી (ચુરમાના લાડુ) | ગોડપર-કચ્છ |
| મહા વદ-૭ | અ.નિ. વિઠાણી ભરતભાઈ વનમાળીભાઈ (મોહનથાળ) | રામપરા |
| મહા વદ-૮ | પટેલ ભાઈલાલભાઈ ભગવાનભાઈ (મગસ) | ગોઠીબ |
| મહા વદ-૮ | અ.નિ. સાંખ્યયોગીબાશ્રી કાનબાઈબેન (બુંદીના લાડુ) | ગઢપુર |
| મહા વદ-૯ | અ.નિ. સોની ઘનશ્યામભાઈ ચંદુલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૯ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (મોહનથાળ) | ચાંદખેડા |
| મહા વદ-૯ | પરમાર પાંચાભાઈ ધનજીભાઈ (મોહનથાળ) | ગોડકા |
| મહા વદ-૯ | પટેલ મિતુલભાઈ દિનેશભાઈ (કાજુબદામ મૈસુબ) | ભાત |
| મહા વદ-૯ | પટેલ હર્ષદભાઈ પ્રભુભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| મહા વદ-૯ | મીસ્ત્રી રમાકાંતભાઈ મનહરભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૯ | પટેલ અંબાલાલભાઈ ઓધવજીભાઈ (મગસ) | મેડા |
| મહા વદ-૯ | પરમાર સવિતાબેન ભગવાનજીભાઈ (મગસ) | ગોડકા |
| મહા વદ-૧૦ | કેરાઈ ભીમજી હરજી (બુંદી) | રામપર-કચ્છ |
| મહા વદ-૧૦ | અ.નિ. પટેલ શકરીબેન વિરમભાઈ (મોહનથાળ) | રડોદરા |
| મહા વદ-૧૦ | રાબડીયા કેશરબાઈ મેઘજી (બુંદી) | સરલી-કચ્છ |
| મહા વદ-૧૨ | અ.નિ. સ.ગુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી (સાટા-જલેબી) | કાલુપુર મંદિર |
| મહા વદ-૧૨ | પટેલ ચંદ્રિકાબેન વિષ્ણુભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૧૨ | ભાવસાર ભાગ્યેશ રાજેશભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૧૪ | રાબડીયા કેશરબાઈ મેઘજી (મોહનથાળ) | સરલી-કચ્છ |
| મહા વદ-૧૪ | ટીંબાળા રામજીભાઈ - મારડીયા ભનુભાઈ (મોહનથાળ) | રાજકોટ |
| મહા વદ-૧૪ | અ.નિ. હિરાણી કેશરબાઈ લાલજી જાદવા (મોહનથાળ) | માનકુવા-કચ્છ |
| મહા વદ-૧૪ | પટેલ મોનાલીબેન વિપુલભાઈ (મોહનથાળ) | નેત્રામલી |
| મહા વદ-૩૦ | અ.નિ. પટેલ શકરીબેન ભોળાભાઈ (મગસ) | અમદાવાદ |
| મહા વદ-૩૦ | પટેલ ક્રિષ્ણાકુમાર વાડીલાલ (ડ્રાઈફ્રુટ હલવો) | ગોઠીબ |
| મહા વદ-૩૦ | પટેલ લલીતાબેન પુરુષોત્તમદાસ (મગસ) | ચાંદખેડા |
| મહા વદ-૩૦ | અ.નિ. પાટડીયા દિનેશચંદ્ર રણછોડલાલ (ગુલાબજાંબુ) | અમદાવાદ |
| મહા વદ-૩૦ | પ્રાર્થના મહિલા મંડળ (મોહનથાળ) | બાપુનગર |
| મહા વદ-૩૦ | પાટોત્સવ પ્રસંગે રસોઈ (ગુલાબજાંબુ) | |

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.





શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમને પણ ૧૦ વર્ષ પુરા થતા હોઈ મ્યુઝિયમમાં સમૂહ મહાપૂજા બાદ સોશીયલ ડીસ્ટન્ડ સહિતની સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી









આપણા શિકાગો (અમેરિકા) મંદિરમાં કોરોનાની રસીના બે ડોઝ ૧ અને ૨૯ માર્ચે વંચિતોને મફત આપવામાં આવ્યા તે પ્રસંગે આપણા સત્સંગીઓએ સ્વયં સેવક તરીકે ફરજ બજાવી સુંદર આયોજન કર્યું હતું.



જયપુર (રાજસ્થાન)માં અમદાવાદથી આવતા હાઈવે પર યાત્રિકો માટે નવા બનનારા યાત્રિક ભવનનો સૂચિત પ્લાન.



જેતલપુરમાં નિર્માણાધીન ભોજનશાળાનો સૂચિત પ્લાન.

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર,
અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ

# પર્વ

૨૭ ફેબ્રુઆરી થી ૫ માર્ચ ૨૦૨૨

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.
http://www.swaminarayan.in/donation

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

Praful Kharsani